પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૮૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૮-૦૭-૨૦૨૧ બુધવાર , કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 286 PRICE :-RS. 1.50 DATE : 28-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભાજપ સંસદીય દળની બેઠકમાં મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું

# સતત સાતમા દિવસે સંસદ ઠપ્પ: વડાપ્રધાનના કોંગ્રેસ પર પ્રહાર



ન્યુ દિલ્હી,
૧૯ જુલાઈ એટલે કે સોમવારથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. આજે સતત સાતમા દિવસે વિપક્ષના હોબાળા વચ્ચે સંસદની કામગીરી ઠપ્પ રહી હતી તો બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ સંસદીય દળની બેઠકમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારના બીજેપી સંસદીય દળની બેઠકમાં કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ ના તો સદન ચાલવા દઈ રહી છે અને ના ચર્ચામાં ભાગ લઈ રહી છે. આ સાથે જ તેમણે એ પણ કહ્યું કે, કોવિડ-૧૯ પર જ્યારે બેઠક બોલાવવામાં આવી ત્યારે કોંગ્રેસે બહિષ્કાર પણ કર્યો અને અન્ય દળોને આવતા પણ રોક્યા. બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદીએ બીજેપી સાંસદોને સલાહ આપતા કહ્યું કે, વિપક્ષ-ખાસ કરીને કોંગ્રેસના આ કામને જનતાની સામે એક્સપોઝ કરો.

પીએમ મોદીએ સાંસદોને કહ્યું કે, "૧૬ ઓગષ્ટ બાદ તમે તમામ પોત-પોતાના ક્ષેત્રોમાં જાઓ અને સરકારની ૮ યોજનાઓ વિશે જાણકારી આપો. આ સાથે જ ૭૫ વર્ષથી જે થઈ રહ્યો છે તેને લઈને આગામી ૨૫ વર્ષ માટે લોકોની વચ્ચે જાગૃતતા ફેલાવો." કેન્દ્રીય મંત્રી અર્જુનરામ મેઘવાલ અનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, "આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર ૨-૨ના જૂથમાં ૭૫ ગામોમાં જાઓ અને ત્યાં ૭૫ કલાક રોકાઓ. લોકોની વચ્ચે ગામમાં દેશની ઉપલબ્ધીઓ અને દેશની આઝાદી સહિત તમામ ચીજો વિશે જણાવો."

પીએમ મોદીએ કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાનો કાર્યક્રમ સરકારી બનીને ના રહી જાય. આ કાર્યક્રમમાં દેશના જન-જનની ભાગેદારી હોય. આ સાથે પીએમ મોદીએ બીજેપી સાંસદોને કહ્યું છે કે, તેઓ લોકોની વચ્ચે વિપક્ષને એક્સપોઝ કરે. ખાસ કરીને કોંગ્રેસને. તેમણે કહ્યું કે, તમે લોકોને જણાવો કે કેવી રીતે કોંગ્રેસ પાર્ટી બેઠકમાં સામેલ થાય છે અને તેનો બહિષ્કાર કરે છે અને સંસદ પણ ચાલવા દેતી નથી.

**★ દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ સદન ચાલવા દેતી નથી કે ચર્ચા પણ થવા દેતી નથી, કોંગ્રેસના આ કામને જનતાની સામે એક્સપોઝ કરો**

**★ આઝાદીની ૭૫મી વર્ષગાંઠ માટેનો રોડમેપ રજૂ કરાયોઃ ૭૫ ગામડાઓમાં ૭૫ કલાક વિતાવવા સાંસદોને મોદીએ અનુરોધ કર્યો**

આ સાથે જ પીએમ મોદીએ ભાજપના સાંસદોને કહ્યું કે તેઓ લોકો વચ્ચે વિપક્ષને એક્સપોઝ કરે. ખાસ કરીને કોંગ્રેસને. તેમણે કહ્યું કે તમે લોકોને જણાવો કે કોંગ્રેસ પાર્ટી બેઠકમાં સામેલ થતી નથી અને તેનો બહિષ્કાર કરે છે. આ સાથે જ સંસદ પણ ચાલવા દેતી નથી.

ઉલ્લેખનીય છે કે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન સંસદમાં વિપક્ષનો હોબાળો ચાલું છે અને કાર્યવાહી દરરોજ સ્થગિત થઈ રહી છે.સંસદમાં પેગાસસ જાસુસી મુદ્દે, કૃષિ કાયદો અને અન્ય મોંઘવારી જેવા મુદ્દાઓને લઈને સતત હોબાળો ચાલી રહ્યો છે. ૧૮ જુલાઈએ પેગાસસ વિવાદ સામે આવતા સંસદમાં કાર્યવાહી થતી નથી. વિપક્ષી સાંસદ બંને ગૃહોમાં નારેબાજી કરી રહ્યા છે. ગયા સપ્તાહે તો તૃણમૂલ સાંસદે આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવના હાથમાંથી ડોક્યુમેન્ટ છીનવીને ફાડીને ફેંકી દીધા હતા.સોમવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવીને સંસદ પહોંચ્યા હતા. તેમણે કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો. અકાળી દળ સહિત ઘણી વિપક્ષી પાર્ટીઓએ ખેડૂતોના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગણી કરી હતી. બીજી બાજુ પેગાસસ મુદ્દાને લઈને સંસદના બંને ગૃહોમાં આજે પણ હોબાળો થઈ રહ્યો છે.

## ગૃહિણીઓને ફટકોઃ ફરી એકવાર કપાસિયા-સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો



રાજકોટ,
રાજકોટમાં ફરી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો થયો છે. અષાઢ મહિનાની શરૂઆત થતા જ હવે તહેવારોની સીઝન શરૂ થઈ ગઈ છે ત્યારે આવા ટાંણે લોકોના બજેટ પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. એક તરફ પેટ્રોલ-ડીઝલમાં તોતિંગ ભાવવધારો અને બીજી તરફ હવે ખાદ્યતેલના ભાવ પણ આસામાને જઈ રહ્યાં છે.

રાજકોટથી તહેવારો પહેલા ગૃહિણી માટે માઠા સમાચાર આવ્યા છે. સિંગતેલ અને કપાસિયા, પામોલિન તેલમાં ફરી ભાવ વધારો થયો છે. ૬ દિવસમાં ૨૫ થી ૪૦ રૂપિયા સુધીનો ભાવ વધારો થયો છે. તો સિંગતેલનો ડબ્બો ૨૪૬૫ રૂપિયા હતો, તે વધીને ૨૪૯૦ રૂપિયા થયો છે. તો કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૪૦૦ રૂપિયા હતો, તે વધીને ૨૪૪૦ રૂપિયા થયો છે. તો પામોલીન તેલનો ડબ્બો ૧૯૬૫ રૂપિયાનો હતો, તે વધીને ૨૦૧૦ રૂપિયા પર પહોંચી ગયો છે.

મે મહિનાના અંતમાં સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેથી લોકોને રાહત થઈ હતી. મે મહિનામાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ખાદ્યતેલમા વાયદા બજાર ખુલતાની સાથે જ કડાકો બોલાયો હતો. જેથી સિંગતેલના ડબ્બાના ભાવમાં ૫૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. તો કપાસિયા તેલના ભાવ ૩૦ રૂપિયા ઘટ્યા હતા. સિંગતેલ ડબ્બો ૨૫૦૦થી ૨૫૫૦ થયો હતો. જેના બાદ સતત ભાવ ઘટ્યા હતા. આ પાછળ ચીનની માંગ કારણભૂત છે. સીંગતેલમાં છેલ્લા કેટલાક સમયથી ચાઈના સાથેના વેપાર બંધ હતા.બીજી તરફ ઈમ્પોર્ટ તેલના ભાવ કાબુમાં આવ્યા હતા.તેની સાથે સાથે સીંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## રાજ્યમાં અત્યાર સુધી ૩૩ ટકા વરસાદ વરસ્યોઃ વલસાડમાં સૌથી વધુ ૩૩.૭૦ ટકા

ગાંધીનગર,
રાજ્યમા સાર્વત્રિક વરસાદને પગલે અનેક જિલ્લામાં સારો એવો વરસાદ થયો છે જો કે હજુ રાજ્યમાં મોસમનો૩૩ ટકા જ વરસાદ નોંધાયો છે. જ્યારે છેલ્લા ૧૦ દિવસમાં ૧૨ ટકાથી વધુ નોંધાયો છે. જો કે સિઝનનો સૌથી વધુ વરસાદ વલસાડમાં ૩૩.૭૦ ટકા વરસાદ નોંધાયો છે.જ્યારે કચ્છમાં સૌથી ઓછો ૫.૨૭ ટકા વરસાદ નોંધાયો છે મહત્વનું છે કે ગઈ કાલે એક દિવસમાં રાજ્યમાં ૧૯૫ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો જેમાં સૌથી વધુ વરસાદ આણંદના પેટલાદમાં સવા પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ગયા વર્ષે ૨૬ જુલાઈ સુધીમાં ૧૩ ઈંચ સાથે સિઝનો સરેરાશ ૩૬.૬૬ ટકા વરસાદ નોંધાયો હતો. જો કે ગયા વર્ષની તુલનાએ આ વર્ષે વરસાદનું પ્રમાણ સામાન્ય જણાઈ રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધી દક્ષિમ ગુજરાતમાં ૨૦.૨૩ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ ૩૫.૧૯ ટકા, કચ્છમાં ૫.૨૭ ઈંચ સાથે ૩૦.૨૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭.૯૫ ઈંચ સાથે મોસમનો ૨૮.૧૬ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૩૦.૫૬ ઈંચ સાથે સિઝનનો ૩૦.૦૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૮.૭૭ ઈંચ સાથે સિઝનનો ૩૧.૮૯ ટકા વરસાદ નોંધાયો છે.જો વાત કરવામાં આવે તો આવખે ગુજરાતમાં સિઝનનો માત્ર ૩૩ ટકા વરસાદ નોંધાયો છે જ્યારે વલસાડમાં સૌથી વધુ ૩૩.૭ ઈંચ તો કચ્છમાં સૌથી ઓછો ૫.૨૭ ઈંચ વરસાદ જ્યારે રાજ્યના ૨૫ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૮૮ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ, ૯૬ તાલુકામાં ૫ થી ૧૦ ઈંચ અને ૩૯ તાલુકામાં ૨ થી ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૭.૩૬ ઈંચ સાથે સિઝનનો ૨૮.૦૮ ટકા વરસાદ પડ્યો છે. શહેરમાં ગયા વર્ષમાં આ મહિનાની સરખામણીએ ૧૦.૨૭ ઈંચ સાથે સિઝનનો ૩૭.૨૭ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો હતો.

## કોરોનામાં એક વાલી ગુમાવનાર બાળકોને રુપાણી સરકાર સહાય આપશે

ગાંધીનગર,
વિશ્વવ્યાપી કોરોના મહામારીમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જેમાં કોઈએ પોતાના વહાલ સોયા દીકરા, દીકરીઓ ગુમાવ્યા છે તો કોઈએ ભાઈ, બહેન અથવા પતિ અથવા પત્નીનો સાથ ગુમાવ્યો છે. આ મહામારીના કારણે ઘણાં બાળકો નિરાધાર થયા છે. જેમાં કેટલાક બાળકોએ માતા પિતા એમ બન્ને વાલીની છત્રછાયા ગુમાવી છે. જ્યારે કેટલાક બાળકોએ માતા અથવા પિતા એમ કોઈપણ એક વાલીની છત્રછાયા ગુમાવી છે આવા બાળકો માટે રાજ્ય સરકારે સહાયની જાહેરાત પણ કરી છે.માતા કે પિતા, બેમાંથી એકને ગુમાવનાર બાળકો આકસ્મિક નિરાધાર થવાથી તેમના ભવિષ્ય અને શિક્ષણના પ્રશ્નો ઉભા થયા છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્યસરકાર દ્વારા આવા કપરાકાળમાં નિરાધાર થયેલા અને માતા પિતા બન્ને ગુમાવ્યા હોય તેવા બાળકોની કાળજી, રક્ષણ, શિક્ષણ અને આરોગ્યની ચિંતા કરીને રાજ્યસરકાર દ્વારા માતા પિતા ગુમાવ્યા હોય અને નિરાધાર થયેલા બાળકો માટે 'મુખ્ય મંત્રી બાળ સેવા યોજના' ની જાહેરાત કરી છે.પરંતુ જે બાળકોએ એક વાલી ગુમાવ્યા હોય તેવા બાળકોને પણ સહાય આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. તેથી આવા એક વાલીવાળા બાળકોને માસિક રૂ. ૨,૦૦૦ની સહાય આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ સહાયની રકમ ઓનલાઈન ડી.બી.ટી. દ્વારા ચૂકવવાની યોજના સીએમ રુપાણી દ્વારા આગામી બીજી ઓગસ્ટે લોન્ચ થશે.આથી આવા એક વાલીવાળા બાળકોના બેંક એકાઉન્ટ ખાતા તાત્કાલિક ખોલવા જરૂરી છે. આ માટે જે-તે જિલ્લાના એક વાલી ધરાવતા જે બાળકો છે તેમના બેંક એકાઉન્ટ દિન – ૩માં ખોલાવવાના રહેશે.આ માટે જિલ્લામાં જુદા જુદા અધિકારીઓને જવાબદારી સોંપી દિન – ૩માં બાળકોના ખાતા ખોલાવવા વ્યવસ્થા ગોઠવવા સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગના એસીએસ સુનયના તોમરે તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર પાઠવ્યો છે.

## ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે હોટલાઈન ફરીથી શરૂ થઈ

પ્યોંગયોંગ/સિઓલ,
ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે હોટલાઈન ફરીથી શરૂ થઈ ગઈ છે. ઉત્તર કોરિયાએ પાછલા વર્ષ જૂનમાં બંને દેશો વચ્ચે હોટલાઈન બંધ કરી દીધી હતી. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ કાર્યાલય અનુસાર બંને દેશોના પ્રમુખોએ ફરીથી વિશ્વાસ બનાવવા અને સંબંધ સુધારવા પર સહતમિ વ્યક્ત કરી છે.રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું કે, બંને દેશોના પ્રમુખો વચ્ચે એપ્રિલથી અનેક વખત પત્રોનું આદાન-પ્રદાન થયું છે. ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે એક બેઠક અસફળ રહ્યાં પછી બંને દેશોના સંબંધ ખરાબ થઈ ગયા છે. તે પછી ઉત્તર કોરિયાએ જૂન ૨૦૨૦માં હોટલાઈન બંધ કરવાનો નિર્ણય કરી લીધો છે.બંને દેશો વચ્ચે ૨૦૧૮માં સંબંધોમાં સુધાર થવાની શરૂઆત થઈ હતી. તે સમયે દક્ષિણ કોરિયન રાષ્ટ્રપતિ મૂન જે-ઈન અને ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ-ઉનની ત્રણ વખત મુલાકાત થઈ હતી.પરંતુ, કિમ જોંગ-ઉન અને પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બીજી બેઠક સફળ રહ્યા પછી ઉત્તર અને દક્ષિણ કોરિયાના સંબંધોમાં પણ ઘટાડો આવવા લાગ્યો હતો.

## વસતી નિયંત્રણનો કાયદો હિન્દુ વિરોધી છેઃ ઈત્તિહાદે મિલ્લત કાઉન્સિલ

લખનઉ,
યુપીમાં આવતા વર્ષે યોજાનારી ચૂંટણી માટે રાજકીય ઘમાસાણ શરૂ થઈ ચુકયુ છે અને બેફામ નિવેદનબાજીના સીલસીલાનો પણ પ્રારંભ થઈ ચુકયો છે.બરેલીમાં ઈત્તિહાદે મિલ્લત કાઉન્સિલના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના તૌકીર રજાએ અટપટુ નિવેદન આપ્યુ છે. તેમણે યુપીમાં વસતી નિયંત્રણના કાયદાનુ સ્વાગત કરતા કહ્યુ હતુ કે, આ કાયદો હિન્દુઓની સામે છે. કારણકે હિન્દુઓને વધારે બાળકો હોય છે. તેમને સરકારી સુવિધાઓથી વંચિત રાખવા કાયદો બનાવાયો છે. મુસ્લિમોને બેથી વધારે બાળકો હોતા નથી અને એમ પણ તેમને સરકારી સુવિધાઓ મળતી નથી.

તેમણે ભાજપ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે, કોરોનાના નામે સામાજીક દૂરી રાખવા માટે પ્રચાર કરાયો હતો. ખરેખર તો જે લોકો સમૂહમાં રહે છે તેમને કોરોના નથી થયો, સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવાની વાત કરનારા સમાજમાં ભાગલા પાડવા માંગે છે. એક બીજાથી લોકોને દૂર રાખવા માંગે છે. અમારો ધર્મ અમને શીખવાડે છે કે, બધાએ ભેગા થઈને નમાઝ પઢવી જોઈએ. કોરોના સ્પર્શથી ફેલાતી બીમારી નથી. આ પ્રકારની મહામારી નફરત અને તાકાતના ખોટા ઉપયોગ, બેઈમાની, ગુના કરવાથી ફેલાય છે.તેમણે આગળ કહ્યુ હતું કે, ૨૦૧૪ પહેલા તોફાન થતા હતા ત્યારે ભાજપ અને આરએસએસના લોકો બોમ્બ ધડાકા કરતા હતા, તોફાનો કરતા હતા અને આરોપ મુસ્લિમો પર લગાવતા હતા. જ્યારે કોંગ્રેસે પણ અમને આતંકવાદી ગણાવી દીધા છે. અમે એ પાર્ટીને સપોર્ટ કરીશું જે તોફાનો રોકવા માટે આયોગ બનાવે.તોફાનોની તપાસ આ જ આયોગને આપવામાં આવે. જેથી પોલીસ પક્ષપાત ના કરી શકે.

## સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત : યુનેસ્કો દ્વારા ધોળાવીરાની હડપ્પન સાઈટને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન

કચ્છ,
ભચાઉ તાલુકાના ખડીર મહાલના ધોળાવીરા ખાતે ભારતીય પુરાતત્વ ખાતાએ શોધેલી ૫,૦૦૦ વર્ષ પૂરાણા હડપ્પન સાઈટને બે દિવસ પહેલાં જ પેરિસ ખાતે UNESCOની ઉચ્ચસ્તરીય બેઠકમાં વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવાનો નિર્ણય લેવાતાં માત્ર ખડીર ધોળાવીરા જ નહીં, પરંતુ સમગ્ર કચ્છમાં ખુશી છવાઈ ગઈ છે. હડપ્પન સાઈટને સતાવાર "World Heritage" શ્રેણીમાં સમાવવાની જાહેરાત થઈ ગઈ છે.UNESCO દ્વારા પેરિસ ખાતે "World Heritage"ની ચર્ચા વિચારણા અંગેની બેઠકમાં કચ્છ જિલ્લામાં જમીનમાંથી ધીમે ધીમે ઉત્ખનન કરીને શોધાયેલા ધોળાવીરા હડપ્પન સાઈટને વૈશ્વિક સ્તરે તજજ્ઞોને, પર્યટકોને તથા દુનિયાભરના પુરાતત્વ પ્રેમીઓને સરળતાથી મળી રહે તેવો સરનામું આપવા સહમતિ દર્શાવી હતી.ધોળાવીરા હડપ્પન સાઈટની શોધ વર્ષ ૧૯૯૧ની આસપાસ કરવામાં આવી હતી. ધોળાવીરાની આ હડપ્પન સાઈટને આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર ડૉ. આર. એ. બિસ્ટે પોતાની કારકિર્દીનો અમૂલ્ય સમયે આ સાઈટની શોધમાં આપી દીધો હતો. આ અમૂલ્ય સાઈટની શોધ માટે તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.ધોળાવીરા એ



એક અદ્ભુત હડપ્પન સંસ્કૃતિનું સ્થળ છે, અહીં ઉત્ખનન કરતા બાહરી કિલ્લો, જળાશય, સ્ટેડિયમ, સિરોડલ વગેરે અમૂલ્ય સ્થળો મળી આવતા હતા.કચ્છમાં આ ધોળાવીરા હડપ્પન સાઈટને સમગ્ર વિશ્વ સામે લઈ આવવાનું શ્રેય ડૉ. આર. એ. બિસ્ટને જાય છે, કારણ કે લગાતાર ૧૪ વર્ષ સંશોધન અને ઉત્ખનન કરીને આ સાઈટની શોધ કરવામાં આવી હતી. અહીંથી શોધવામાં આવેલ વિવિધ અવશેષો હાલ પુરાતત્વના મુખ્ય સંગ્રહાલયમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત થોડા ઘણા અવશેષો ધોળાવીરા ખાતેનાં સંગ્રહાલય ખાતે પણ મૂકવામાં આવ્યા છે.ધોળાવીરા હડપ્પન સાઈટને UNESCOની માન્યતા મળશે, એટલે અહીં પ્રવાસન ક્ષેત્રમાં પણ આ સાઈટને વિકસાવવામાં આવશે. આ ઉપરાંત ધોળાવીરાની આસપાસના ભૂસ્તરીય મહત્વના સ્થળોને પણ વિકસાવવામાં આવશે. ભારત સરકાર દ્વારા ધોળાવીરાને UNESCO વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ માટે સામેલ કરવા ડોઝિયર મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ UNESCOની ટીમ દ્વારા સાઈટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવે ટૂંક સમયમાં UNESCO દ્વારા સત્તાવાર રીતે ધોળાવીરાની સાઈટને વર્લ્ડ હેરિટેજ તરીકેની જાહેરાત કરવામાં આવશે.ભુજથી ધોળાવીરા જવા માટે ૨૩૦ કિલોમીટરનો પ્રવાસ કરવો પડે છે, પરંતુ રસ્તાની હાલત સારી નથી, હવે જ્યારે વર્લ્ડ હેરિટેજ તરીકે જોડાયેલા સાઈટનું સમાવેશ થયું છે, ત્યારે અહીં હોટેલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, રેસ્ટોરેન્ટ રોડ વગેરે જેવી સુવિધાઓ ઉભી કરવા આવશે અને પર્યટન સ્થળ બનાવવામાં આવશે.કચ્છના લોકો માટે ખુશીની વાત છે કે, ધોળાવીરાની હડપ્પન સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી રહી છે. જોડાયેલા સુધી પહોંચવા માટે ટ્રાન્સપોર્ટેશનની તકલીફ બહુ હતી હવે અહીં વિકાસના કામો થશે માટે હવે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન પણ શરૂ કરવામાં આવશે. ધોળાવીરાની સાઈટને વર્લ્ડ હેરિટેજ તરીકે માન્યતા આપવા એ કચ્છ માટે ગૌરવની વાત છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં કોવિડ ૧૯ રસીકરણ મહાઅભિયાન અન્વયે હજારથી વધુ વેપારીઓ-હોટલ અને સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓએ રસીનો પ્રથમ ડોઝ લીધો

લુણાવાડાથ કોવિડ ૧૯ની મહામારીને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યભરમાં કોવિડ ૧૯ વેક્સિનેશન સાઈટો કાર્યરત કરી તા. ૨૫મીના રોજ ખાસ વેપારીઓ-હોટલ અને સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓ માટે કોવિડ વેકસિનેશન મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત કોવિડ ૧૯ના સંક્રમણથી વેપારીઓ અને સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓને સુરક્ષિત કરવા રાજય સરકાર દ્વારા ખાસ રસીકરણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લામાં જિલ્લા કલેકટર ડૉ. મનિષ કુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મહીસાગર જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ કુલ ૧૫ સેશન સાઈટો કાર્યરત કરી રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વ્યાપાર, ધંધા, વ્યવસાય કે અન્ય વ્યાપારીક ગતિવિધિઓ સાથે સંકળાયેલા લોકોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક કોવિડ ૧૯ રસીકરણ કરાવ્યું હતું. જેમાં મહીસાગર જિલ્લામાં કુલ ૧૦૯૧ વેપારીઓ-હોટલ અને સેવાકીય સંસ્થાઓ સહિત વિવિધ વ્યવસાયના કર્મચારીઓએ કોવિડ-૧૯ રસીનો પ્રથમ ડોઝ લીધો હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં અત્યારસુધીમાં ૧૮ થી ૪૪ વર્ષના ૧૧૯૪૧૦ લોકોએ પ્રથમ ડોઝ અને ૨૬૧૨ લોકોએ બીજો ડોઝ જયારે ૪૫ થી વધુ વર્ષના ૨૬૨૩૩૬ લોકોએ પ્રથમ ડોઝ અને ૧૨૯૩૭૪ લોકોએ બીજો ડોઝ તથા ફ્રન્ટલાઈન વર્કર અને મેડીકલ વર્કર સહિત ૧૫૨૫૬ લોકોએ પ્રથમ ડોઝ અને ૧૪૭૦૨ લોકોએ બીજો ડોઝ મળી જિલ્લામાં કુલ ૩૯૭૦૦૨ લોકોએ પ્રથમ ડોઝ અને ૧૪૬૬૮૮ લોકોએ બીજો ડોઝ મૂકાવેલ છે. આમ, જિલ્લામાં પ્રથમ અને બીજો ડોઝ મળીને જિલ્લાના ૫૪૩૬૯૦ નાગરિકોએ રસી મૂકાવી છે.

વધુમાં ડૉ. શાહે જિલ્લા કલેક્ટર ડૉ. મનિષ કુમાર દ્વારા સગર્ભા માતાઓ, સુપરસ્પ્રેડર તેમજ લોક સંપર્કમાં આવતા નાના-મોટા ધંધાર્થીઓ અને ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરીકોને રસીકરણ કરાવવા અપીલ કરવામાં આવી હોવાનું જણાવ્યું છે.

# ગુજરાતી ભાષાની ઉચ્ચ શ્રેણી પરીક્ષા આગામી ૩૦ અને ૩૧ જુલાઈના રોજ યોજાશે કોવિડની ગાઈડ લાઈનનો ચુસ્ત અમલ કરાશે : માસ્ક સિવાય ઉમેદવારોને પ્રવેશ મળશે નહી

લુણાવાડા, ભાષા નિયામકની કચેરી દ્વારા લેવાતી ગુજરાતી ભાષાની ઉચ્ચ શ્રેણીની પરીક્ષા આગામી ૩૦ અને ૩૧ જુલાઈ-૨૦૨૧ ના રોજ સરકારી કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે. ઉમેદવારોએ કોવિડની ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. માસ્ક સિવાય ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ મળશે નહિ એમ ભાષા નિયામકની કચેરીની યાદીમાં જણાવાયુ છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ગુજરાતી ભાષાની ઉચ્ચ શ્રેણીની પરીક્ષાનું પેપર-૧ તા.૩૦/૭/૨૦૨૧ના રોજ બપોરે ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાકે, પેપર-૨ આજ દિવસે બપોરે ૧૫-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમિયાન યોજાશે.આ ઉપરાંત મૌખિક પરીક્ષા તા.૩૧/૭/૨૧ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી યોજાશે. તો જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોય તેવા સંબંધિત અધિકારી-કર્મચારીઓને પ્રવેશપત્ર ટપાલ દ્વારા મોકલી દેવાયા છે. તો અરજદારોએ પ્રવેશપત્ર અને કચેરીના ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવા વધુમાં જણાવાયુ છે.

# લેકટ્રીકલ સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષા તા. ૩૧/૦૭/૨૦૨૧ થી ૦૪/૦૮/૨૦૨૧ દરમિયાન યોજાશેઈ

લુણાવાડા, રાજયના જુદા જુદા કેંદ્રો ખાતે તા. ૩૧/૦૭/૨૦૨૧ થી ૦૪/૦૮/૨૦૨૧ દરમિયાન ઈલેકટ્રીકલ સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષા લેવામાં આવનાર છે. પરીક્ષામાં પ્રવેશ પાત્ર ઉમેદવારોના નામ, રોલ નંબર તેમજ પરીક્ષાનુ વિગતવાર સમય પત્રક આ ખાતાની વેબસાઈટ h t t p s : / / ceiced.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. તેમ સચિવ, લાયસન્સીંગ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# મહીસાગર જીલ્લામાં ફુડ સીકયુરીટી એલાઉન્સમાં વિદ્યાર્થીઓને અપાશે ફોર્ટીફાઇડ ચોખા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ બાળકોને અપાતા ફૂડ સિક્યુરીટી એલાઉન્સીસમાં ફોર્ટીફાઈડ રાઈસનું વિતરણ કરવાનું થાય છે. મધ્યાહન ભોજન યોજનામાં ફોર્ટીફાઈડ રાઈસનો ઉપયોગ તે કુપોષણ નિવારણ માટેનો કેન્દ્ર સરકારનો મહત્વનો પ્રોજેક્ટ છે. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ફોર્ટીફાઈડ રાઈસની વિતરણ વ્યવસ્થા અને તેના પોષકમુલ્યોની બાળકોના આરોગ્ય પર પડનાર હકારાત્મક અસરો બાબતે કોઈ અફવા કે ગેરસમજ ન ફેલાય તે માટે શાળાના શિક્ષકો, વાલીઓ , વિદ્યાર્થીઓ, એસ.એમ.સીના સભ્યો તથા ગ્રામજનો સુધી ગ્રામસભા દ્વારા લોક જાગૃતિ આવે અને તેનાથી બાળકોના આરોગ્યમાં થતા ફાયદા ની જાણ થાય તે જરૂરી છે. આ અંતર્ગત બાળકો, સગર્ભા સ્ત્રીઓમાં અને ૧૫ થી ૧૮ વર્ષની મહિલાઓમાં જોવા મળતા એનિમીયાના પ્રમાણને અનુસંધાને પોષકતત્વોની ઉણપને દુર કરવામાટે સુક્ષ્મ પોષક તત્વોની પુરવણી, ફુડ ફોર્ટીફીકેશન અને આહારમાં વિવિધતાને પ્રેત્સાહન એ ઉપયોગમાં લેવામાં આવતી ત્રણ મુખ્ય પદ્ધતિઓ છે.

જે અન્વયે ફુડ સિકયુરીટી એલાઉન્સમાં શાળાના નોંધાયેલા વિદ્યાર્થીઓને અપાનાર રાશનમાં ફોર્ટીફાઈડ ચોખા આપવાનો નિર્ણય લેવાયો છે. સુક્ષ્મ પોષકતત્વોની ઉણપને દુર કરવા ચોખા ,ઘઉં મીઠુ, તેલ વેગેરે ખાદ્ય સમાગ્રીમાં વીટામીન અને ખનીજ તત્વોનો ઉમેરો કરવો એ ફેડ ફોર્ટીફીકેશન છે. ચોખાના પોલીસીંગ વખતે નાશ પામતા વીટામીન બી-૧૨,બી-૧, બી-૬ અને વીટામીન ઈ ના સ્થાને આર્યન, ઝીંક, ફોલીક એસીડ, વીટામીન બી-૧૨ વીટામીન-એ જેવા તત્વો ઉમેરવામાં આવે છે. એનીમીયાને દુર કરવા અને આર્યન સ્ટોર્સ સુધારવા માટેની વ્યુહરચના તરીકે આ ફોર્ટીફાઈડ ચોખા અસરકારક અને પોષકતત્વો સભર હોઈ રાજય સરકાર દ્વારા મહીસાગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન માટે ફોર્ટીફાઈડ ચોખાનું વિતરણ કરવામાં આવનાર છે. તેમ નાયબ કલેકટર મદયાહન ભોજન યોજનાની યાદીમાં જણાવાયું છે.

# મહીસાગર જિલ્લો કોરોનામુકત સતત સાડત્રીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં.

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડૉ. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.મહીસાગર જિલ્લામાં સતત સાડત્રીસમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુક્ત રહ્યોછેમહીસાગરવાસીઓએજેમ સતત છેલ્લા સાડત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુક્ત રહે અને હવે જિલ્લો વેક્સિનયુક્ત બને તે જોવા અપીલ કરવામાં આવી છે અત્યારસુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ / કોરોનાના કુલ ૩૧૪૮૭૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે

# ૦૮ થી ૧૩ વર્ષના બાળકો માટે પંચમહાલ જિલ્લામાં ચિત્રસ્પર્ધાનું આયોજન

ગોધરા, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા દર વર્ષે બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. હાલમાં કોવિડ-૧૯ મહામારીને દયાનમાં રાખીને વિવિધ સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તેમ નથી. પરંતુ તે પૈકી ચિત્રકલા સ્પર્ધાનું આયોજન મોબાઈલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત યોજાનાર છે. કોરોના મહામારીના સંજોગોમાં બાળકોને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરી રમત-ગમત પ્રવૃતિઓ સાથે અન્ય રચનાત્મક પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવાના ઉદ્દેશ્યથી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ના નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે, જેમાં ફેઝ-૧ અંતર્ગત "રક્ષાબંધન" વિષય પર ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ અ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ ઘરે તૈયાર કરી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવાસદન-૦૨, ગોધરા ખાતે તા. ૨૩/૦૮/૨૦૨૧ થી ૧૩/૦૯/૨૦૨૧ સુધી બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.જેમાં કૃતિ પાછળ સ્પર્ધક પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમજ આ કૃતિની સાથે સ્પર્ધક ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ કે જન્મના દાખલાની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે.આ સ્પર્ધામાંથી પંચમહાલ જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજયકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૨૪/૦૯/૨૦૨૧ના રોજ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર કલાભવન, એલિસ બ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમાં સમગ્ર રાજયમાંથી આવેલ ચિત્રો પૈકી બેસ્ટ-૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજયકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે. રાજય કક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂા.૨૫,૦૦૦/ દ્વિતિય વિજેતા ને રૂા.૧૫,૦૦૦/ તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય ૭ વિજેતાઓને રૂા ૫,૦૦૦ (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ(ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. જિલ્લાકક્ષા સ્પર્ધામાં કોઈ વ્યકિતની મદદ વિના ચિત્ર દોરી તા.૧૩/૦૯/૨૦૨૧ બપોરના ૧૨:૦૦ કલાક સુધી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,જિલ્લા સેવા સદન ભાગર, રૂમ નં.૩૫, પ્રથમ માળ,ગોધરા ખાતે કુરીયર અથવા પોસ્ટ દ્વારા મોકલવાની રહેશે. સ્પર્ધા અંગેના નિયમો અત્રેની કચેરીથી મળી રહેશે.

- સ્પર્ધકો ૨૩ ઓગસ્ટ થી ૧૩ સપ્ટેમ્બર સુધી ચિત્રો મોકલી શકશે.
- જિલ્લા કક્ષાએ પસંદગી પામેલા ચિત્રો રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં મોકલવામાં આવશે.
- રાજ્યકક્ષાની ચિત્રસ્પર્ધાનું આયોજન ૨૪ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે.
- રાજ્યકક્ષાએ પ્રથમ વિજેતાને રૂ.૨૫ હજાર, દ્વિતીય વિજેતાને રૂ.૧૫ હજાર, તૃતીયને રૂ.૧૦ હજાર અને અન્ય સાત વિજેતાઓને રૂ. ૫ હજાર આશ્વાસન ઈનામો

# શિવસેના પ્રમુખ અને મુખ્યમંત્રીના જન્મદિવસની ઉજવણી મહિસાગર શિવસેના દ્વારા કરાઈ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આજ રોજ શિવસેના પક્ષ પ્રમુખ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ બાલા સાહેબ ઠાકરેનો ૬૧મો જન્મ દિવસ હોવાથી પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં શિવસૈનિકો એ અલગ અલગ રીતે ઉજવણી કરી હતી. જેમાં હડફ મોરવા તાલુકા પ્રમુખ ચેતન બારીયા અને તાલુકા ઉપ પ્રમુખ રવી વણઝારા અને શિવસૈનિકો એ મળીને મોરવામાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરેલ હતો તથા કાર્યકર્તાઓ દ્વારા મીઠાઈ વહેંચીને જન્મ દિવસ ની ઉજવણી કરેલ હતી અને સંતરામપુર તાલુકામાં મોટી સરસણ મુકામે શિવસેના જિલ્લા પ્રમુખ લાલાભાઈ અને સંતરામપુર તાલુકા પ્રમુખ કિરણ રાવલની અધ્યક્ષતામાં મોટી સંખ્યામાં શિવસૈનિકો મળ્યા હતા અને વૃક્ષારોપણ કરી મીઠાઈ વહેંચીને જન્મ દિવસ ની ઉજવણી કરેલ હતી.

# પંચમહાલ જિલ્લામાં જવાહર નવોદયમાં પ્રવેશ માટેની પરીક્ષા તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ યોજાશે

ગોધરા, પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલયના ધોરણ-૦૬ની પ્રવેશ પરિક્ષા તા. ૧૧.૦૮.૨૦૨૧ના રોજ જિલ્લાના વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવશે. અગાઉ તા. ૧૦.૦૪.૨૦૨૧ના રોજ આ પરીક્ષા યોજાનાર હતી પરંતુ કોરોના-૧૯ મહામારીના કારણે પરીક્ષા મોકૂફ રહી હતી. નવોદય વિદ્યાલય, વેજલપુરના ધોરણ-૦૬માં પ્રવેશ મેળવવા અરજી કરનારા દરેક બાળકો અને તેમના વાલીઓને પ્રવેશ માટેની પરીક્ષાના પ્રવેશ પત્ર ડાઉનલોડ કરવા માટે નવોદય વિદ્યાલય, વેજલપુરની એક અખબારીયાદીમાં જણાવાયું છે. આ પ્રવેશ પત્ર પરીક્ષાના દિવસે સેન્ટર પર લાવવાના રહેશે તથા પ્રવેશ પત્રમાં આપેલ કોરોના-૧૯ની સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે. આ પ્રવેશ પત્ર (એડમિટ કાર્ડ) www.navodaya.gov.in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે તેમ યાદીમાં જણાવાયું છે. જવાહર નવોદ્ય વિદ્યાલય એ ભારત સરકારની માનવ સંશાધન વિકાસ મંત્રાલય, શિક્ષા વિભાગ હસ્તક ચાલતી એક સ્વાયત સંસ્થા છે, જ્યાં પ્રવેશ પરીક્ષા મારફતે પ્રવેશ મેળવતા બાળકોને શિક્ષણ સહિત રહેવા-જમવા માટેની ઉત્કૃષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

# જીલ્લા કૃષિ મૌસમ વિભાગ (DAMU) કૃષિમૌસમ સેવા વિચાર ગોષ્ઠી

ગોધરા, કાર્યક્રમ ના પ્રારંભમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-પંચમહાલ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક વ પ્રધાન ડૉ. કનક લતાએ જણાવાયુ કે પરિવર્તન ના કારણે કૃષિમાં મૌસમ ને લગતા પૂર્વાનુમાન ના મહત્વ વિશેની જાણકારી આપવામાં આવી, તેમજ તેમણે જણાવ્યું કે ઋતુઓમાં અણધાર્યું પરિવર્તન પર્યાવરણના સંતુલન ને બગાડી રહ્યું છે. વરસાદ ની અનિયમિતતા, દિન-પ્રતિદિન વધતા તાપમાન, વાતાવરણ ના ભેજ માં અચાનક આવતા વધારો તેમજ કમી, વગેરે રોજ-બરોજ ના બદલાતા વાતાવરણ ના લીધે જ થઈ રહ્યો છે. તેથી ખેતી કરવા માટે મૌસમ ના પૂર્વાનુમાન ની જાણકારી હોવી અતિઆવશ્યક છે. મૌસમ કેન્દ્ર ની સ્થાપના થવાથી ખેડુતો ને સમય પર મૌસમ ની જાણકારી પ્રાપ્ત થશે. જેનાથી ખેડુતોને આનો લાભ મળશે. દીપક રબારી, નાયબ કૃષિ નિયામક,(વિસ્તરણ), પંચમહાલ, જેઓએ કેન્દ્ર ને સલાહ આપી કે વરસાદના દિવસોમાં આંકલન કરવામાં આવે. જેના આધારે પાકનું માળખુ તૈયાર કરી શકાય. મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરાના વૈજ્ઞાનિક ડૉ. કનુભાઈ પટેલે મકાઈમાં લાગતી આર્મી ફલ વાર્મ તેમજ તેના ઉપાય માટે ખેડુતોને વારંવાર સૂચના આપવાનો વિચાર પ્રકટ કર્યો. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષિ હવામાન વિષયના વિષય નિષ્ણાંત સુનિલ યાદવે જણાવ્યુંકે, સ્વચાલિત કૃષિ હવામાન વેધશાળામાં હવાનું તાપમાન, દિવસના મહત્તમ અને લઘુત્તમ તાપમાન, હવાનો ભેજ, વરસાદની માહિતી, પવનની ગતિ અને દિશા, સૌર અવધિ, માટીની અલગ અલગ ઉંડાઈ ભેજ જાણકારી મેળવવા માટે સેન્સર સ્થાપિત કરવામાં આવ્યા છે. જેના કારણે ખેડુતોને ખેતીની યોગ્ય સલાહની સાથે યોગ્ય સમયે હવામાન વિશેની સચોટ માહિતી મેળવી શકશે, જેના પરિણામે, ખેડુતો મૌસમ ને અનુરૂપ ખેતી કરી શકશે. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના બાગાયતી વિષય નિષ્ણાત ડૉ.રાજકુમારે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું અને અંતે ડૉ.એ.કે. રાયે આભાર વ્યક્ત કર્યો.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૮-૦૭-૨૦૨૧, બુધવાર, અષાઢ વદ-૫, સૂર્યોદય-૫-૩૯, સૂર્યાસ્ત-૭-૧૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

- શુભ ચોઘડીયા -

૬-૧૮ થી લાભ-અમૃત-૯-૩૬ સુધી, ૧૧-૧૫ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૧૧ થી ચલ-લાભ-૧૯-૨૮ સુધી, ૨૦-૪૯ થી શુભ-અમૃત-ચલ ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-

૬-૧૮ થી ૮-૩૦ સુધી,૯-૩૬ થી ૧૦-૪૨ સુધી,૧૨-૫૩ થી ૧૬-૧૧ સુધી,૧૭-૧૭ થી ૧૮-૨૨ સુધી

# દૈનિક રાશીફળ

તા.૨૮.૦૭.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.


મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

# દાહોદ જિલ્લામાં વરસાદથી ૧.૮૩ લાખ હેક્ટરમાં થયેલા વાવેતરને હાલ પુરતું જીવતદાન મળ્યુ

દાહોદ, દાહોદ જિલ્લામાં ચારેકોર મેઘમહેર થતાં ધરતીપુત્રોમાં ખુશીની લહેર દોડી ગઈ છે.જિલ્લામાં ખરે ટાંકણે જ વરસાદ આવતા ૧,૮૩,૧૧૭ હેક્ટરમાં કરેલા વાવેતરને જીવતદાન મળ્યુ છે.બીજી તરફ જિલ્લાના જળાશયોમાં નવા નીરની આવક તો થઇ છે પરંતુ હજી એક પણ ડેમમાં પાણી પૂર્ણ સપાટીએ પહોંચ્યુ નથી.જિલ્લામાં ગઈ કાલે સાર્વત્રિક વરસાદ બાદ આજે ઉઘાડ વચ્ચે કેટલાક તાલુકાઓમાં વરસાદ વરસતો રહ્યો છે.દાહોદ જિલ્લામાં આ વખતે ચોમાસુ મોડુ શરૂ થયુ હતુ.જેથી વાવેતર પણ વિલંબથી કરવામાં આવ્યુ હતુ.તેવા સમયે વરસાદ ખેંચાતા જિલ્લામાં કરેલા ૧,૮૩,૧૧૭ હેક્ટરમાં કરેલા વાવેતર પર જોખમ ઝળુંબતુ હતું. ત્યારે થયેલી મેઘ મહેરને કારણે ખેડૂતોને હાશકારો થયો છે.જિલ્લામાં ખેડૂતોએ મકાઈનું મહત્તમ વાવેતર ૧,૧૯૬૩૯ હેક્ટરમાં કરવામાં આવ્યુ છે. ત્યાર બાદ ૪૬,૭૧૧ હેક્ટરમાં ડાંગર અને ૨૩,૨૯૦ હેક્ટરમાં સોયાબીનની વાવણી કરવામાં આવી છે.આ ઉપરાંત શાકભાજી અને ઘાસચારાનુ વાવેતર પણ કરવામાં આવ્યુ છે.જિલ્લામાં વરસાદ ખેંચાતા ચિંતાના વાદળો ઘેરાયા હતા ત્યારે જ રવિવારે મેઘરાજાએ આખાયે જિલ્લામાં ધમાકેદાર હાજરી પુરાવી હતી અને પરિણામે ૬૪ મીમી અર્થાત આશરે ૨.૫ ઈંચ જેટલો સરેરાશ વરસાદ એક જ દિવસમાં નોંધાઇ ચુક્યો છે.એકધારા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા તેમજ ટાઢક પ્રસરી જતાં બફારામાંથી છુટકારો મળ્યો છે.ગામડાઓમાં પણ ખુશીનું વાતાવરણ ફેલાઇ ગયુ છે તેમન જનસામાન્ય હવે સંતોષ વ્યકત કરી રહ્યા છે પરંતુ હજીએ ભરપૂર વરસાદની આવશ્યક્તા છે.

જિલ્લામાં ૮ જેટલા ડેમ છે પરંતુ આ ચોમાસે અડધા અષાઢ બાદ પણ એકેય ડેમ ભરાયો નથી. જો કે નદીઓ અને જળાશયોમાં નવા નીર આવ્યા છે પરંતુ હવે વરસાદ રોકાતાં તે પાણી ઓસરી જશે.જિલ્લામાં સોમવારે પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો તેમજ ઘણા તાલુકાઓમાં ઉઘાડ પણ નીકળ્યો છે.જિલ્લામાં સોમવાર બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ગરબાડા તાલુકામાં૨૭ મીમી,ઝાલોદ તાલુકામાં ૬ મીમી,દેવગઢબારીયામાં ૧૮ મીમી,દાહોદ તાલુકામાં ૫ મીમી,ધાનપુર તાલુકામાં ૩૨ મીમી,લીમખેડા અને સંજેલીમાં ૨–૨ મીમી વરસાદ નોંધાયો છે.જ્યારે સીંગવડ તાલુકામાં ૩ મીમી તેમજ ફતેપુરા તાલુકો બપોર સુધી કોરો રહ્યો હતો.

# ફતેપુરા તાલુકાના રાવળના વરૂણામાં આઝાદીના દાયકાઓ બાદ પણ સ્થાનિકો રસ્તાની સુવિધાથી વંચિત



- સુખસર થી રાવળના વરૂણા જતા માત્ર બે કિલોમીટરના રસ્તાની કામગીરી બબ્બે વાર મંજૂર થવા છતાં બિસ્માર હાલત ?
- આ રસ્તા ઉપરથી દૈનિક પાંચસો ઉપરાંત રાહદારીઓ તથા વાહનચાલકો પસાર થાય છે

ફતેપુરા, ગુજરાત રાજયના રસ્તાઓ સરકાર દ્વારા પૂરી પડાતી સારી સુવિધા માટે વખાણાય છે.તેમજ રાજયમાંથી પસાર થતા સ્ટેટ તથા નેશનલ હાઈવે માર્ગો અન્ય રાજ્યોની સરખામણીમાં સારા કહી શકાય તેવા છે.પરંતુ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં આઝાદીના દાયકાઓ વિતવા છતાં આજ દિન સુધી રસ્તાની સુવિધા ઉપલબ્ધ થઇ શકી નથી.તે પણ એક નિર્વિવાદ બાબત છે.જેમાં સુખસર પાસે આવેલ સુખસર થી રાવળના વરૂણા જતા માત્ર બે કિલોમીટરના જાહેર માર્ગની હાલત જોતા સરકારી તંત્રો હજી અનેક ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચી શક્યા ન હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ પ્રત્યે સરકાર સહિત તેમના તંત્રોએ ધ્યાન આપવાની ખાસ જરૂર જણાઈ રહી છે.

જાણવા મળેલી માહિતી મુજબ ફતેપુરા તાલુકાના સુખસરને અડીને આવેલ રાવળના વરૂણા માત્ર એક થી બે કિલોમીટરના અંતરે આવેલું ગામ છે.જયાં રાવળના વરૂણાથી સુખસર આવવા માટે ખારી નદીના પુલ પાસેથી રાવળના વરૂણા સુધી ધૂળિયો માર્ગ વર્ષોથી આવેલો છે. તેમજ આ રસ્તા ઉપરથી રાવળ ના વરૂણા,નાનાબોરીદા, નાની ઢઢેલી જેવા ગ્રામ્ય વિસ્તારોમાં તરફ જવા માટે સોટકટ રસ્તો છે.અને આ રસ્તા ઉપરથી દૈનિક ૫૦૦થી વધુ લોકોની અવરજવર રહે છે.તેમજ અનેક નાના વાહનો પણ અવર–જવર કરતાં હોય છે.તેમ છતાં આ રસ્તા પ્રત્યે સ્થાનિક લાગતા–વળગતા તંત્ર દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નથી.જેના લીધે ચોમાસા જેવા સમયમાં આ રસ્તા ઉપર કાદવ કીચડ થતા રાહદારીઓ તથા વાહન ચાલકો મોટી મુશ્કેલીમાં મુકાય છે. ત્યારે આ રસ્તાને વહેલી તકે આર.સી.સી અથવા ડામર કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠવા પામેલ છે. સ્થાનિક લોકોમાં થતી ચર્ચા મુજબ રાવળના વરણા થી સુખસર ખારી નદીના પુલ સુધીનો રસ્તો બબ્બે વાર મંજુર થયેલ હતો.પરંતુ કયા કારણોસર આ રસ્તાની કામગીરી કરવામાં આવી નથી?તેની પણ તપાસ થવી જોઇએ.

# દે.બારીયાના દૈણા ગામે પતિનાઆડા સંબંધને લઈ પત્ની સાથે ઝગડો થતાં પરણિતાએ આત્મહત્યા કરી લેતા ચકચાર

દે.બારીયા, દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે એક પરણિત યુવક દ્વારા અન્ય યુવતી સાથે આડા સંબંધ રાખી પોતાની પત્નિને આ મામલે જાણ થતાં પતિને અવાર નવાર આવુ નહીં કરવા કહેતા પતિ દ્વાર પરણિતા સાથે મારઝુડ કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસ તેમજ પતિ દ્વારા અન્ય યુવતી સાથેના આડા સંબંધથી કંટાળી જઈ પરણિતાએ આત્મહત્યા કરી લેતાં પથકમાં ચકચાર મચી જવા પામી છે. બૈણા ગામે જુના ફળિયામાં રહેતો ભોપતભાઈ હીરસીંગભાઈ બારીયા પોતે પરણિત હોવા છતાં પણ અન્ય બીજી છોકરી સાથે આડા સંબંધ રાખતો હતો. આ બાબતની જાણ ભોપતભાઈની પત્નિ રેણુકાબેનને થતાં રેણુકાબેને બીજી છોકરી સાથે આડા સંબંધ રાખવાનું ના પાડતી હતી અને પોતાના પતિ સમજાવતી હતી પરંતુ પતિ ભોપતભાઈ દ્વારા રેણુકાબેન સાથે મારઝુડ કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતો. આ અંગે પરણિતા રેણુકાબેન દ્વારા પોતાના પિતા પ્રભાતભાઈ વેચાતભાઈ બારીયાને પણ જાણ કરી હતી. અવાર નવાર પતિ દ્વારા અપાતા ત્રાસથી અને પતિ દ્વારા અન્ય યુવતી સાથે આડા સંબંધના ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ગત તા.૨૫મી જુલાઈના રોજ બૈણા ગામે પોતાની સાસરીમાં આત્મહત્યા કરી લીધી હતી.

આ સંબંધે મૃતક પરણિતા રેણુકાબેનના પિતા પ્રભાતભાઈ વેચાતભાઈ બારીયા (રહે.નવીબેડી, સરપંચ ફળિયુ, તા. દેવગઢ બારીઆ, જિ.દાહાદ) દ્વારા પોતાના જમાઈ ભોપતભાઈ હીરસીંગભાઈ બારીયા વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પીપલોદ ગામના યુવાનના બેંક ખાતામાંથી અજાણ્યા ઈસમે એટીએમ થી ૫૦ હજાર ઉપાડી લેતાં ફરિયાદ

દે.બારીયા, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે એક ૩૮ વર્ષીય યુવકના બેન્ક ખાતામાંથી કોઈ અજાણ્યા ભેજાબાજે ઈલેક્ટ્રોનિક માધ્યમથી અથવા એટીએમ માધ્યમથી રૂા.૫૦,૦૦૦ ઉપાડી લઈ છેતરપીંડી વિશ્વાસઘાત કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.ગત તા.૧૫મી જુલાઈથી તા.૧૬મી જુલાઈના રોજના સમયગાળા દરમ્યાન દેવગઢ બારીઆ તાલુકાના મોટીઝરી ખોડી ખાખર ફળિયામાં રહેતાં ૩૮ વર્ષીય દિપસીંગભાઈ શકરાભાઈ બારીયાના બેન્ક ખાતામાં રૂા.૧,૦૩,૦૦૦ જમા હતાં. આ બેન્ક ખાતામાંથી કોઈ અજાણ્યા ભેજાબાજે કોઈ ઈલેક્ટ્રોનીક માધ્યમથી અથવા એટીએમમાંથી રૂા.૫૦,૦૦૦ દિપસીંગભાઈના બેન્ક ખાતામાંથી ઉપાડી લીધા હતા અને આજદિન સુધી પરત ન કરી છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત કરતાં આ સંબંધે દિપસીંગભાઈ શકરાભાઈ બારીયાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચંદેરિયા વાઈટ હાઉસ ખાતે મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં પાર્ટી તેમજ સંગઠનના પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી

- જેમાં પાર્ટી ના હાઇકમાન્ડ મહેશભાઈ વસાવા તેમજ દાહોદ જિલ્લા BTP મહામંત્રી સુરેશ ભુરિયાની અધ્યક્ષતા કરવામાં આવી હતી.
- જિલ્લા BTP પ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા.
- જિલ્લા BTTS પ્રમુખ શૈલેષભાઇ મેડાની નિમણૂંક કરવામાં આવી હતી.

દાહોદ, ભારતીય ટ્રાઈબલ પાર્ટી ના રાષ્ટ્રીય સંયોજક મહેશભાઈ વસાવા દાહોદની મુલાકાત લેવા આવ્યાં હતાં. એમાં દાહોદ જિલ્લામાં જે ખેડૂતો જંગલ ખાતાની જમીનમાં જે ખેડાણ કરેલ છે .એમના આજ દિન સુધી હક મળેલ નથી. એમના માટે પણ કાયદાકિય રીતે લડત લડીશું અને વર્ષોથી જે લોકો પદ ધરાવે છે પરંતુ એક્ટિવ નથી. એવા તમામ જિલ્લા – તાલુકાના હોદ્દેદારોને દૂર કરવાની ચર્ચા થઈ. જેમાં મહેશભાઈ વસાવા છેલ્લા કેટલાક સમયથી દાહોદ જિલ્લામાં BTP અને BTTS ના એક્ટિવ થઈને કાર્ય કરી રહેલા સભ્યોની નોંધ લીધી અને એક્ટિવ યુવાનોને હોદ્દા આપીને જૂના સભ્યોને હોદ્દા પરથી દૂર કરવાનો નિર્ણય કર્યો હતો.તેમાં ભારતીય ટ્રાયબલ પાર્ટી ના જિલ્લા પ્રમુખ દેવેન્દ્ર મેડા અને ઈઝઝજ દાહોદ જિલ્લા પ્રમુખ સૈલેશભાઈ મેડા એ જણાવ્યું હતું કે,અમે દાહોદ જિલ્લામાં અને તાલકા તેમજ ગામડે ગામડે જઈને છોટુદાદાની વીસારને પહોંચાડી છું તેમજ દાહોદ જિલ્લાની આવનાર ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં તમામ સીટ પર ર્દંડ નિષ્ઠા થી જીત હાસિલ કરી છું. તેવી મહેશભાઈ સસાવાને બાંહેધરી આપી.

# ફતેપુરા તાલુકામાં હવેથી ભ્રષ્ટાચાર ચલાવી લેવાશે નહીં: ટીડીઓ

ફતેપુરા તાલુકા પંચાયતમાં ટીડીઓ તરીકે કાયમી ભરતી કરાઇ હતી.જે હાજર થતા સન્માન કાર્યક્રમ યોજાયો હતો.તેમજ જુના ટીડીઓનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમા નવીન તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું કે,તાલુકામાં હવેથી ભ્રષ્ટાચાર ચલાવી લેવાશે નહીં. ખોટા કામ કરવા વાળાને મારા બે હાથ અને ત્રીજું માથું. તાલુકાનો વિકાસ કરવા માટે મારે સાચા કર્મચારીઓનો સાથ અને સહકાર જોઈએ છે.

ફતેપુરા તાલુકા પંચાયતમાં છેલ્લા એક વર્ષથી ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા પી.એસ આંબલીયારની જગ્યાએ કાયમી નવીન તાલુકા વિકાસ અધિકારી જગતસિંહ ઠાકોરની ભરતી કરાઇ હતી.જેઓની ગાંધીનગર જીલ્લા પંચાયતથી પ્રમોશન લઈને ફતેપુરામાં નિમણૂક થઈ હતી.મંગળવારના રોજ ચાર્જ સંભાળ્યો હતો.જેમાં તેમનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.તેમજ ઈન્ચાર્જ ટી.ડી.ઓ અમલીયાર છૂટા થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

# દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી શહેરમાં બીજાની માલિકી જગ્યા પર ભૂમાફિયા ઓ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન પડાવી

ઝાલોદ, ઝાલોદ તાલુકાના લીમડી શહેરના દાહોદ રોડ પર આવેલ શિવનગર સોસાયટીમાં આવેલ માલીકી જમીન દિપેશકુમાર પોપટલાલ ચૌહાણ તેમની પોતાની માલિકીની જગ્યા પર ભૂમાફિયા ઓ દ્વારા ખોટી રીતે દબાણ કરી તેમજ ખોટી રીતે મકાન બનાવેલ છે. ત્યારે તા : ૨૧/૦૭/૨૦૨૧ ના રોજ ખોટી રીતે દબાણ કરી બાંધકામ કરવામાં આવ્યું હતું ત્યારે દિપેશકુમાર પોપટલાલ ચૌહાણ એ માલીકી જમીન પર બાંધકામ કરવા માટે ના પાડી હતી. ત્યારે ભૂમાફિયા ઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે તારા થી જે થાય તે ઉખાડી લેજે એમ કહેવામાં આવ્યું હતું ત્યારે દિપેશકુમાર પોપટલાલ ચૌહાણ દ્વારા ઝાલોદ તાલુકા મામલતદાર કચેરી ખાતે અરજી પણ કરવામાં આવી હતી તેમજ ભૂમાફિયા ઓની લીમડી પોલીસ સ્ટેશન ખાતે પણ અરજી કરવામાં આવી હતી ત્યા સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી તેમજ દિપેશકુમાર ચોહાણ ને ૧ એક વર્ષ સુધી હજી કોઈ પણ પ્રકારનુ સાચું ન્યાય મળ્યો નથી તો શું આ ગરીબ લોકોની જગ્યા પર ભૂમાફિયા ઓ દ્વારા ગેરકાયદેસર રીતે ડરાવી ધમકાવી ને જમીન પડાવી લેવી છે તો હવે જોવાનું રહ્યું કે શું આ ગરીબ માણસ ને સાચું ન્યાય મળશે કે નહીં હવે તે જોવાનું રહ્યું.

# દાહોદ જિલ્લામાં એક દિવસના જ વરસાદમાં ૬ ડેમના જળસ્તર વધ્યા

દાહોદ જિલ્લામાં મેઘરાજાની મહેરથી ખેડૂતોના મોઢે ખુશાલી છે. રવિવારના ધોધમાર વરસાદ બાદ સોમવારે નીકળેલો ઉઘાડ ખેતી માટે લાભકારક મનાઈ રહ્યો છે. છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન જિલ્લાના નવે તાલુકાઓમાં પડેલા વરસાદની સરેરાશ સામે ગત વર્ષની ૨૬ જુલાઈની સરખામણીએ આ વર્ષે ૭ તાલુકામાં સંતોષકારક વરસાદ છે જ્યારે બે તાલુકામાં વરસાદની ઘટ જોવા મળી રહી છે. આ સાથે એક જ દિવસના વરસાદમાં ૮માંથી ૬ ડેમમાં પાણીની આવક નોંધાઈ છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લામાં ચોમાસુ બેસ્યા બાદ આકાશમાં ગોરંભાયેલા વાદળો હાથતાળી આપી જતાં હતા. જેથી પ્રારંભિક વરસાદમાં વાવણી કરી દેનારા ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. જોકે, અનેક મનામણા બાદ રવિવારની રાતથી શરૂ થયેલા વરસાદે ધરાને તૃપ્ત કરી દીધી હતી. વર્ષ ૨૦૨૦ની ૨૬ જુલાઈની સરખામણીએ આમ તો તમામ તાલુકામાં વરસાદની ટકાવારીમાં વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ દાહોદ તેમજ વનરાજીથી ભરપુર ધાનપુરમાં આ વખતે વરસાદની ટકાવારી ઘટી છે. રવિવારે પડેલા વરસાદમાં જિ.ના ૮માંથી ૬ ડેમની સપાટીમાં ૦.૫થી ૩.૫૫ મી. સુધીનો વધારો થયો હતો. જોકે જિ.ના પાટાડુંગરી અને કબૂતરી ડેમમાં પાણીની કોઈ આવક ન હતી. **ધાનપુરમાં ૩૬ અને ગરબાડામાં ૨૭ મિમી વરસાદ...**રાજ્યના હવામાન વિભાગ દ્વારા દાહોદ સહિત ગુજરાતના અનેક પ્રાંતોમાં ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી બાદ દાહોદ જિલ્લામાં રવિવારે આગાહી મુજબ વરસાદ નોંધાયો હતો. તો વાદળછાયા વાતાવરણ સાથે જિલ્લાના તાલુકાઓમાં સોમવારે પણ ઝરમર વરસાદ નોંધાયો હતો. જેને લઈને ગત સપ્તાહના અસહ્ય ગરમીસભર વાતાવરણમાંથી જિલ્લામાં ખાસ કરીને રાતના સમયે મહદ અંશે ઠંડક વ્યાપી છે.દાહોદમાં સોમવારે ૯૫% ભેજ સાથે મહત્તમ ૨૮ સે.ગ્રે.ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તા.૨૬.૭.૨૧ ને સોમવારે દિવસભર વાદળછાયા વાતાવરણ સાથે વારંવાર ઝરમર વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સોમવારે સવારે ૬થી બપોરના ૪ દરમ્યાન ધાનપુર ૩૬, ગરબાડા ૨૭, દેવગઢ બારિયા ૧૮, સીંગવડ ૧૨, ઝાલોદ ૬, દાહોદ અને સંજેલી ૫–૫ અને ફતેપુરા, લીમખેડામાં ૨ –૨ મિ.મી વરસાદ નોંધાયો હતો. ખેતીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદ વ્યાપ્યો છે.

**કયા કયા ડેમની સપાટીમાં કેટલો વધારો..**

- ડેમ ૨૫ જુલાઈ ૨૬ જુલાઈ વધઘટ
- પાટાડુંગરી ૧૬૭.૦૯ ૧૬૭.૦૯ ૦
- માછણનાળા ૨૭૨.૭ ૨૭૩.૪ ૦.૭+
- કાળીર– ૨૫૦.૯ ૨૫૨.૪ ૧.૫+
- ઉમરિયા ૨૭૩.૪૫ ૨૭૭ ૩.૫૫+
- અદલવાડા ૨૩૫.૧ ૨૩૫.૩ ૦.૨+
- વાંકલેશ્વર ૨૧૭.૭૭ ૨૧૮.૯૧ ૧.૧૪+
- કબુતરી ૧૮૧.૪ ૧૮૧.૪ ૦
- હડફ ૧૬૩.૬૫ ૧૬૪.૧૫ ૦.૫+

- ગત વર્ષની ૨૬ જુલાઈની સરખામણીએ ૭ તાલુકામાં વરસાદની ટકાવારીમાં થયેલો વધારો.
- પાટાડુંગરી અને કબૂતરી ડેમની સપાટીમાં કોઈ વધારો નોંધાયો નહીં.
- દાહોદ તથા ધાનપુરમાં વરસાદની ટકાવારી ઘટી.
- ૬ જેટલાં ડેમની સપાટીમાં ૦.૫થી લઈ ૩.૫૫ મીટર સુધીનો વધારો.

**તાલુકો સરેરાશ વરસાદ ૨૦૨૦ (%) ૨૦૨૧ (%) વધઘટ**

- દાહોદ ૭૫૧ મિ.મી ૩૩.૮૨ % ૩૨.૦૮% ૧.૭૪–
- દે.બારિયા ૭૪૪ મિ.મી ૨૪.૬૬ ૨૫.૧૩ ૦.૪૭+
- ધાનપુર ૭૦૫ મિ.મી ૨૧.૧૬ ૧૬.૫૯ ૪.૫૧–
- ફતેપુરા ૭૪૬ મિ.મી ૧૯.૭૭ ૩૪.૮૬ ૧૫.૦૯+
- ગરબાડા ૬૪૭ મિ.મી ૧૫.૬૭ ૧૬.૦૬ ૦.૩૯+
- ઝાલોદ ૭૦૫ મિ.મી ૧૧.૨૪ ૧૩.૭૬ ૨.૫૨+
- લીમખેડા ૭૭૫ મિ.મી ૭.૫૬ ૧૮.૮૫ ૧૧.૨૯+
- સીંગવડ ૭૫૫ મિ.મી ૪.૯૧ ૧૬.૧૫ ૧૧.૨૪+
- સંજેલી ૭૩૮ મિ.મી ૨૧.૧૫ ૨૯.૮૩ ૮.૬૮+

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 286

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## સાયબર ક્રાઈમ દ્વારા વેજલપુરના યુવાન સાથે

# ફેસબુક પર મિત્રતા કેળવી ભેટ મોકલાવી પ્રોસેસીંગના નામે પ લાખની છેતરપિંડીના ગુનામાં દિલ્હીના આરોપીની ધરપકડ કરી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

કાલોલ તાલુકાના વેજલપુરના એક વ્યક્તિને ફેસબુક ઉપર ન્યુ દિલ્હીના વ્યકતીએ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી મિત્રતા કેળવી,વોટ્સએપ ચેટ કરી,તમારી સાથે મિત્રતા થવાથી પ્રમોશન મળ્યું છે.તેની ખુશીમાં તમને કિંમતી ભેટ મોકલી આપ્યાની લાલચ આપી એરપોર્ટ પરથી કિંમતી ભેટ છોડવવાની લાલચ આપી પ્રોસેસ ફી ના નામે રૂ.૫,૧૮,૬૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી ચીટિંગ કરનાર દિલ્હીની ગેંગ પૈકીના એક આરોપીને દિલ્હી ખાતેથી પંચમહાલ ગોધરા સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યો હતો.કાલોલ તાલુકાના વેજલપુર ના શૈલેષભાઈ પટેલે ગોધરા સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ કરતા જણાવ્યું હતું કે દિલ્હીના નિલીન બેરી નામની ફેસબુક આઇ.ડી.ઉપરથી તેઓને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી.ત્યારબાદ તેઓ સાથે મિત્રતા કેળવી ચેટિંગ કરી તમારી સાથે મિત્રતા થવાથી મને પ્રમોશન મળ્યું છે. માટે તમને કિંમતી ભેટ મોકલું છું.જે કિંમતી ભેટ પાર્સલ છોડાવવા માટેની ફી પેટે આરોપીએ પોતાના વિવિધ બેન્ક ખાતાઓમાં કુલ રૂ.૫,૧૮,૬૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી આર્થિક નુકસાન કરી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો હતો.જેથી સાયબર ક્રાઈમ ગોધરા ના પોલીસ ઈન્સ્પેકટર જે.એન.પરમાર દ્વારા નોંધાયેલા ગુન્હા સબંધે વધુ તપાસ હાથ ધરતા ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ નંબરો તેમજ બેન્ક ખાતા ની માહિતી મેળવી ઊંડાણપૂર્વક નું એનાલિસિસ કરી ગુન્હામાં સંકળાયેલા આરોપીઓ દિલ્હી ખાતે રહેતા હોવાનું જણાઈ આવતા પોલીસે દિલ્હી ખાતે જઈ આરોપીઓ પૈકીના કાસીમ ખાલીક અહેમદ રાંગડા(રહે.દેવલી ખાનપુર,ન્યુ દિલ્હી) ને ઝડપી પાડ્યો હતો. ત્યારે પોલીસે ઝડપેલાં આરોપીના વધુ પૂછપરછ અર્થે રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં માંગણી કરી છે.ત્યારે આ ગુન્હામાં સંડોવાયેલા અન્ય વોન્ટેડ આરોપીઓમાં નદીમ ખાલીક અહેમદ રાંગડા અને રિઝવાના નદીમ ખાલીક રાંગડા નો સમાવેશ થાય છે.

–ઝડપાયેલા આરોપી તેંમજ સહ આરોપીઓની મોડસ ઓપરેન્ડી મુજબ તેઓ નાઈઝીરિયન ગેંગ સાથે મળી પ્રથમ ભોગ બનનાર ઈસમોને ફેસબુક ઉપર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી મિત્રતા કેળવી,વોટ્સએપ ચેટ કરી તમારી સાથે મિત્રતા થવાથી મને પ્રમોશન મળ્યું છે.તેમ કહી કિંમતી ભેટ મોકલવી અને એ ભેટ છોડાવવા માટે આરોપીઓ પોતાના વિવિધ ખાતાઓમાં ભોગ બનનાર પાસે નાણાં ખંખેરતા હોવાનું સામે આવ્યું છે.

–તાલુકા વિકાસ અધિકારી એ જણાવ્યું હતું કે,તાલુકાનો વિકાસ કરવા માટે રાજ્ય સરકારે મારી નિમણૂક કરી છે. હવેથી તાલુકામાં ભ્રષ્ટાચાર ચલાવી લેવાશે નહીં.ખોટા કામ લઈને મારી પાસે આવવું નહીં.ભ્રષ્ટાચાર કરાવનાર ને મારા બે હાથ અને ત્રીજું માથું. મારે તાલુકાનો વિકાસ કરવો છે.જેથી સાચા કર્મચારીઓ અને પદાધિકારીઓનો સાથ અને સહકાર જોઈએ છે.તાલુકા પંચાયતનો કોઈપણ કર્મચારી તલાટી હોય કે શિક્ષક હોય ખોટું કામ કરતાં માલુમ પડશે તો રાજ્ય કક્ષાએ રિપોર્ટ કરાશે.

## શહેરા પાલિકાના સભ્યની કાર ડાકોર પાસે પલ્ટી જતાં આબાદ બચારવ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા

શહેરા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ના કોર્પોરિટર જુનેદ લડબડનો માર્ગ અકસ્માતમાં તેઓનો આબાદ બચાવ થયો હતો. હાઈવે માર્ગ ઉપર રોંગ સાઈડ આવતા બાઈક ચાલકને બચાવવા જતાં ડાકોર પાસે તેમની કાર પલટી ખાઈ જતા તેમાં તેમનો આબાદ બચાવ થયો હતો.શહેરા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ ના ભાજપના કોર્પોરિટર જુનેદ લડબદ કઠલાલ કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે ખેડા જિલ્લાના ગળતેશ્વર નજીક આવેલ બળેવીયા પાટિયા પાસે એક રોંગ સાઈડ આવતા બાઈકચાલકને બચાવવા જતા તેમની ક્રેટા કાર નંબર જીજે ૨૩ સીએ ૭૨૭૨ પલ્ટી મારી ગઈ હતી. આ બનેલા માર્ગ અકસ્માતમા તેઓ પોતે કાર ચલાવી રહયા હોવા છતાં તેમનો આબાદ બચાવ થયો હતો.આમ સર્જાયેલા અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.પરંતુ ક્રેટા કારને મોટાપાયે નુકશાન પહોંચ્યું હતું.

## ગોધરા લાયન્સ ક્લબ દ્વારા જરૂરીયામંદ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું



ગોધરા,

લાયન્સ કલબ ગોધરાની સામાન્ય સભા પ્રમુખ શૈલેષભાઈ શેઠના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વિવિધ સેવાકીય સમિતિના ચેરમેનની વરની તથા વર્ષ દરમિયાન થનાર સેવાકીય પ્રવૃત્તિઓ નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું મંત્રી કેતકી સોની એ આગામી સમયમાં થનારા કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. વૃક્ષારોપણ રક્તદાન ડાયાબિટીસ કેમ્પ જરૂરિયાત મંદ વિદ્યાર્થીને નોટબુક જરૂરિયાત મંદ પરિવારોને અનાજ વિતરણ ભૂખ્યાને ભોજન તથા મરણ બાદ ચક્ષુદાન દેહદાન આ પ્રવૃત્તિને વેગ મળે તથા જળ એ જ જીવન પાણી બચાવો અને પર્યાવરણની સુરક્ષા અંગેના કાર્યક્રમો થનાર છે. આ પ્રસંગે મલ્ટીપલ કાઉન્સિલના ચેરમેન જેપી ત્રીવેદી, પાસ્ટ ડિસટીક ગવર્નર પ્રભુ દયાલ વર્મા, ઝેડ સિ હેમંત વર્મા તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કલબમાં જોડાનાર નવીન સભ્યો ઉમેશભાઈ જોશી તથા ડોકટર સુનિતા ઠક્કર બુધવાની નું અભિવાદન કરવામાં આવ્યું હતું

## ગોધરા તાલુકા પોલીસ પરવડી ચોકડી પાસેથી ટેમ્પોમાં લવાતો ૧.૯૬ લાખનો દારૂ ઝડપ્યો



ગોધરા,

ગોધરા તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ–ગોધરા હાઈવે જલારામ ચોકડી બાજુ પીકઅપ ટેમ્પોમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી ટેમ્પા માંથી ૧,૯૬,૩૮૦/–રૂપીયાનો દારૂ સાથે બે વ્યકિતને ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ–ગોધરા હાઈવે ઉપર ૪૦૭ પીકઅપ ટેમ્પો નંબર જીજે.૦૯.જીએ.૮૪૮૨ માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને જલારામ ચોકડી પાસેથી આવી રહી છે. તેવી બાતમીના આધારે ડીસ્ટાફ સાથે નાકાબંધી કરી બાતમીવાળી ટેમ્પાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન ટેમ્પોમાં ગુપ્ત ખાનામાં સંતાડી રાખેલ ઈંગ્લીશ દારૂ બોટલો નંગ–૧૬૭૪ કિંમત ૧,૯૬,૩૮૦/–રૂપીયા તેમજ ટેમ્પો મળી ૫,૦૭,૮૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે સુરેક્ષ રામલાલ મીના રહે. બુમરસીયા, ઉદેપુર, રાજસ્થાન તથા પ્રવિણ સુન્દરલાલ ડાંગને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પી.એચ.ડી.ની શોધ યોજના હેઠળ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ૬૫ શોધાર્થીઓની પસંદગી

### ગુજરાતી વિષય માટે ૧૪ શોધાર્થી સહિત ભાષાના કુલ ૨૮ વિદ્યાર્થીઓએ મેદાન માર્યું



ગોધરા,

આજે પી.એચ.ડી. કરનાર ગુજરાતની ૪૦ યુનિવર્સિટીઓના કુલ ૯૯૧ જેટલા વિદ્યાર્થીઓને સરકારની શોધ યોજના હેઠળ શિષ્યવૃત્તિ માટે પસંદ કરવામાં આવ્યા છે. યોજના મુજબ પી એચ ડી કરનાર ફૂલો ટાઈમના શોધાર્થીને માસિક શિષ્યવૃત્તિ મળતી હોય છે. આ યોજના હેઠળ સરકાર દ્વારા સંશોધનને વધુ વેગવાન બનાવવા તેમજ તેને વધુ પ્રોત્સાહિત કરવાનો હેતુ સમાયેલો છે. પંચમહાલ ગોધરાની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સક્ષમ સૂત્રધાર કુલપતિ મા. ડો.પ્રતાપસિંહજી ચૌહાણ, કુલસચિવ ડો. અનિલ સોલંકી, સહ કુલસચિવ ડો. મુકેશ પટેલ, દિનેશભાઈ ગોહિલ અને યુનિવર્સિટી ટીમના સંનિષ્ઠ પ્રયત્નો અને મહેનતને આજે જવલંત સફળતા સાંપડી છે. યુનિવર્સિટીના શોધાર્થી છાત્રોની મહેનતના પરિણામે આ યુનિવર્સિટીના ૬૫ છાત્રો શોધી શિષ્યવૃત્તિ માટે પસંદ થયા જેના માટે યુનિવર્સિટીની વિકાસ યાત્રામાં વધુ એક પીંછું ઉમેરાયુ છે. પસંદ થયેલાં શોધાર્થી માંથી આશરે ૨૮ વિદ્યાર્થીઓ ૪ ભાષાઓમાંથી પસંદગી પામ્યા છે. જ્યારે ૧૪ વિદ્યાર્થીઓ એકલા ગુજરાતીના છે. જેના માટે યુનિવર્સિટીએ ખૂબ ગૌરવ અનુભવવા જેવી બાબત છે. આ કાર્યમાં ભાષાઓના શોધાર્થીઓને કોર્સ વર્કથી લઈને પ્રવેશ અને શોધની અરજી સુધીનું માર્ગદર્શન આપવાની સુંદર કામગીરી યુનિવર્સિટી ગુજરાતી વિભાગના કો.ઓર્ડીનેટર ડો. જે એન શાસ્ત્રી દ્વારા નિભાવવામાં આવી હતી. પંચમહાલ જિલ્લામાં એકદમ નવી યુનિવર્સિટી હોવા છતાં ખૂબ ઓછો સ્ટાફ અને તટસ્થ અને ઝડપી કામગીરી કરી આ વિસ્તારના વિકાસ માટે ખૂબ ટૂંકા સમયમાં ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી ગૌરવ વધાર્યું છે...

## શહેરા તાલુકાના ખટકપુર ગામના શહિદ જવાનના નામથી શાળાનું નામ બી.એ.બારીયા રાખવામાં આવ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ખટકપુર ગામના વીર શહીદ ભલાભાઈ અખમભાઈ બારિયા કારગીલ યુધ્ધમાં દેશ માટે તેઓ દુશ્મનો સામે લડતા લડતા ૨૭–૦૬–૧૯૯૯નાં રોજ માત્ર ૨૩ વર્ષની નાની વયમાં શહીદી વોરી લીધી હતી. તેમની યાદમાં તેમના નામથી ખટકપુર ગામમાં શાળાનું નામ બી.એ. બારીઆ રાખવામાં આવ્યું છે. શાળામાં ૧થી ૮ ધોરણ આવેલા છે. તેમજ શાળાની અંદર તેમની યાદ અપાવવા માટે પથ્થરનું સ્મારક મુકવામાં આવ્યું છે. રાષ્ટ્રીય તહેવારો હોય ત્યારે તેમને યાદ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ખટકપુર ગામના વીર શહીદ ભલાભાઈ અખમભાઈ બારિયા કારગીલ યુધ્ધમાં દેશ માટે તેઓ પોતાના પરિવાર તો નહી પરંતુ પોતાના સ્વ પ્રાણની પરવા કર્યા વગર દેશ માટે દુશ્મનો સામે લડતા લડતા ૨૭–૦૬–૧૯૯૯નાં રોજ માત્ર ૨૩ વર્ષની નાની વયમાં શહીદી વોરી લીધી હતી .તે ઓ સરકાર તરફથી તેમના પરિવારને પેન્શન આપવામાં આવે છે. તેમનો પરિવાર ખેતી કરીને ગુજરાન ચલાવે છે. તેમની યાદમાં તેમના નામથી ખટકપુર ગામમાં શાળાનું નામ બી.એ.બારીઆ રાખવામાં આવ્યું છે. શાળામાં ૧થી ૮ ધોરણ આવેલા છે. આ શાળામાં સ્થાનિક ગામના બાળકો અભ્યાસ કરી રહ્યા છે. તેમજ શાળાની અંદર તેમની યાદ અપાવવા માટે પથ્થરનું સ્મારક મુકવામાં આવ્યું છે ૨૬ જુલાઈના રોજ કારગીલ વિજય દિવસ હોવાથી તેમના પરિવારજનો અને સ્થાનિક તંત્ર દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. જ્યારે ૧૫મી ઓગષ્ઠ એ ૨૬ મી જાન્યુઆરીના દિવસે ધ્વજવંદન કરીને એમની શહાદત ને યાદ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે. સાથે રાષ્ટીય તહેવારો હોય ત્યારે તેમને યાદ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે.



શહેરામાં ગોડ બ્રાહ્મણ સમાજના અગ્રણી ઉપેન્દ્રભાઈ પાઠકનુ અવસાન થતા તેમના પરિવારને વિલાપ કરતા છોડી ગયા હતા. સામાન્ય રીતે પિતા અવસાન પામે તો તેમના પુત્ર દ્વારા અગ્નિદાહ આપવામા આવતો હોય છે.ત્યારે શહેરાના અગ્રણી ઉપેન્દ્ર પાઠકનુ અવસાન થતા તેમની અગ્નિ સંસ્કારની ક્રિયામાં તેમના પુત્રની સાથે તેમની પુત્રીઓએ અગ્નિદાહ આપીને પિતૃત્વનું ઋણ અદા કર્યુ હતું.

## ગોધરાના છકડાવાડની પરણિતાની આબરૂ લેવાનો કોશિષ કરતાં ફરિયાદ

ગોધરા.,

ગોધરા શહેરના સિંદૂરી માતાના મંદિર પાસે છકડાવાડ ખાતે રહેતી એક પરિણીતાને સ્થાનિક યુવક દ્વારા ઈજ્જત લેવાના ઈરાદે છેડતી કરી હતી તેમજ તેઓના કાકી ને એક ઈસમે કાચની બોટલ છૂટી મારી હતી.જેથી આ મામલે પરણીતાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે સ્થાનિક યુવક તેમજ અન્ય છ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.ગોધરા શહેરના સિંદૂરીમાતા ના મંદિર પાસે છકડાવાડ ખાતે રહેતી એક પરિણીતાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ તેમજ તેમના કાકી તે માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે સ્થાનિક યુવક મયુર પરમારે તેઓની ઈજ્જત લેવાના ઈરાદે છેડતી કરી હતી.આ ઉપરાંત તેની સાથેના એક અજાણ્યા ઈસમે તેઓની સાથે આવી રહેલા કાકી ને કાચની છૂટી બોટલ મારી હતી.તેમજ તેઓના કાકાના દીકરા ને અન્ય એક ઈસમે લાકડા ના દંડા થી માર માર્યો હતો.જેથી આ તમામ છ થી સાત ઈસમો એ એક સંપ કરી ભેગા થઈ તેઓની સાથે તેમજ તેમના પરિવાર ના સભ્યો સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યો હતો.જેથી પોલીસે ફરિયાદ ના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## ટીચર એક્સેલેન્સ એવોર્ડ- ૨૦૨૧માં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરી ઓલ ઈન્ડિયા કક્ષાએ સ્થાન મેળવતા શિક્ષક રાજેશકુમાર પટેલ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા,

એકસેલેન્સ એવોર્ડ– ૨૦૨૧ FOURTH SCREE એજ્યુકેશન દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરતા શિક્ષકોને દર વર્ષે ૨૧ જેટલા શિક્ષકોની પસંદગી કરીને આ એવોર્ડની પસંદગી કરવામાં આવે છે. આ એવોર્ડમાં ઉત્તમ કામ કરેલા શિક્ષકો દ્વારા પોતાના કરેલ કાર્યોની ફાઈલ સબમિટ કરવામાં આવે છે. તથા મીડિયાના માદયમથી દરેક શિક્ષકને વોટીંગ કરવામાં આવે છે. ઘોઘંબા તાલુકાના દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર પટેલ દ્વારા સમગ્ર દેશમાં ૧૬ મુ સ્થાન પ્રાપ્ત કરી અને પોતે કરેલા કાર્યો તથા પોતાના શુભેચ્છકો દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો છે. ત્યારે સમગ્ર તાલુકામાં અને પંચમહાલ જિલ્લામાં તથા ગુજરાત રાજ્યમાં આનંદની લાગણી ફેલાઈ રહી છે. તેઓ હંમેશના માટે શિક્ષણની સાથે સાથે ખૂબ મોટા પાયે સમાજની સેવા કરી રહ્યા છે. સમાજમાં ગમે તેવી પરિસ્થિતિમાં લોકો રહેતા હશે પરંતુ તેઓને જાણ થતી હોય ત્યારે શક્ય બને તેટલી મદદ કરવા માટે તૈયાર થઈ જાય છે. સાથે સાથે શિક્ષણમાં બાળકોને પણ તેઓના દ્વારા ખૂબ બહોળા પ્રમાણમાં મદદ કરી રહ્યા છે.અને પોતાનો શિક્ષક ધર્મ નહીં પરંતુ રાષ્ટ્રધર્મ બજાવીને આનંદ વ્યક્ત કરતા જોવા મળે છે. હાલમાં પણ તેઓ દ્વારા જરૂરિયાત મંદ પરિવારોને અસંખ્ય લોકોને અનાજ તથા રાસન કિટની વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે.

રાજેશ કુમાર પટેલ દ્વારા શિક્ષણ ક્ષેત્ર તથા સામાજિક ક્ષેત્રમાં બહોળા પ્રમાણમાં પ્રગતિ કરી અને સંખ્યા સન્માનો પ્રાપ્ત કર્યા છે.